MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 03, Issue: 06, December 2025

# ચાણક્યનીતિમાં સર્વગ્રાહી વ્યવસ્થાપન (મેનેજમેન્ટ)

**ઠાકોર દેવેન્દ્રસિંહ કલ્યાણસિંહ**
Ph.D Scholar
સંસ્કૃત વિભાગ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ,ગોધરા

**સારાંશ:-**

નીતિમત્તાને ધ્યાનમાં રાખી જીવન સમૃદ્ધ અને સુખપૂર્ણ બનાવવા માટેનું એક લક્ષ્ય માણસમાત્રનો ઉદ્દેશ હોવો જોઈએ. પરંતુ વાસ્તવિક જીવનમાં આવું ખાસ કંઇ દેખાતું નથી. એટલે એ નીતિઓના આધારે સફળ કેવી રીતે બનાય તેના માટે ચાણક્યનીતિમાં સર્વગ્રાહી વ્યવસ્થાપન બાબતે જે આદર્શો આપેલા છે તેને વ્યવહારમાં લાવવા જ જોઈએ. ઉપરોકત આદર્શો જે માણસ પોતાના જીવનકાળ દરમિયાન વ્યવહારમાં લાવશે તેનું જીવન ચોક્કસ સાર્થક બનાવી શકશે. જ્યારે જ્યારે માણસ કોઈ ઘોર હતાશાની લાગણીમાં ઘેરાઈ જાય છે ત્યારે આ નીતિવાક્યો જ તેને ફરી બેઠો કરી શકે છે. તો કેમ વર્તમાન સમયમાં એની વ્યવહારિકતા ઘટી ગઈ છે? અને કેમ સમસ્તજનમાનસ સુધી તે ન પહોંચી શકે? અને કેમ ભારત ફરીથી “સોને કી ચીડિયા” તેમજ “વિશ્વગુરુ” ની ગરીમા પ્રાપ્ત ન કરી શકે? ચાણકયનીતિમાં સર્વગ્રાહી વ્યવસ્થાપન બતાવવાનો પ્રકલ્પ સમાજને આદર્શ બતાવવા તરફનો છે. આ પ્રકલ્પ થકી ભારત ફરીથી “વિશ્વગુરુ” ની ગરીમા પ્રાપ્ત કરશે જ એવો વિશ્વાસ છે.

**ચાવીરૂપ શબ્દો:- નીતિ,સર્વગ્રાહી,વ્યવસ્થાપન(મેનેજમેન્ટ),પરિપ્રેક્ષ્ય**

**પ્રસ્તાવના :-**

तदहं संप्रवक्ष्यामि लोकानां हितकाम्यया ।

येन विज्ञानमात्रेण नरः सर्वज्ञत्वं प्रपद्यते ॥

(હું લોકોની ભલાઈની ઈચ્છાથી એ ગૂઢરહસ્યોનું વર્ણન કરી રહ્યો છું, જેને જાણી લેવામાત્રથી દરેક મનુષ્ય સર્વજ્ઞ બની શકે છે.) - આચાર્ય ચાણક્ય

પ્રસ્તુત વિધાનમાં આચાર્ય ચાણક્ય કહે છે કે દરેક મનુષ્ય સર્વજ્ઞ બની શકે છે પરંતુ તેમાં સહાયકારી કેટલાક ગૂઢ રહસ્યો છે તેને જાણી લેવાં અને તેને સમજી લઈ જીવનમાં ઉતારી લેવાં જોઈએ. આ ગૂઢરહસ્યો એટલે નીતિઓ, નિયમો.

પ્રાચીન સમયથી જ આપણા વડીલોએ-ઋષિમુનિઓએ આપણા જીવનને સમૃદ્ધ બનાવવા માટેના અસરકારક ઉપાયો સ્વરૂપે નિયમો આપ્યા છે. તે જ નિયમોને કારણે પ્રાચીન ઇતિહાસ તપાસતાં જાણવા મળે છે કે વિશ્વની તમામ સંસ્કૃતિઓની તુલનાએ ભારતીયસંસ્કૃતિ સર્વોપરી અને શ્રેષ્ઠ સંસ્કૃતિ તરીકે ઉપસી આવેલી છે.પ્રાચીનભારતની વાત કરીએ તો ભારત “સોને કી ચીડિયા” એ નામથી જાણીતો હતો અને ભારતની આ તેમજ અન્ય એવી ઘણીબધી વિશેષતાઓને કારણે વિદેશી પ્રજા અહીં આવી હતી અને સ્થાયી બની હતી. ટૂંકમાં પ્રાચીન ભારત વિશ્વમાં સુસમૃધ્ધ દેશ હતો. તેના કારણે તો પ્રાચીનસમયની ઉત્તમવ્યવસ્થાપન માટેની ચોક્કસ નીતિઓના આધારે હવે આજના સંદર્ભમાં જોવા જઈએ તો નીતિઓ તો એ જ છે, શાસ્ત્રો, પુરાણો, વેદો અનેક નીતિગ્રંથો એના એજ મૂળસ્વરૂપે વર્તમાન સમયમાં વિદ્યમાન છે તો આજે ભારતની સ્થિતિ શા કારણે બદલાયેલી જોવા મળે છે? તો એ સંદર્ભે એમ કહી શકાય કે શાસ્ત્રોના, નીતિગ્રંથોના એ નિયમોના વ્યવસ્થાપન બાબતે આપણે ક્યાંક થાપ ખાઈ ગયા છીએ. કાં તો ભૂલી ગયા છીએ કે ભારતને ફરી વિશ્વગુરુ બનાવવા તરફનું આપણું લક્ષ્ય જ નથી. પ્રસ્તુત વિચાર અને ભારતને ફરીથી વિશ્વગુરુ બનાવવાનું સૌભાગ્ય પ્રદાન કરવા માટે ચાણક્યની દૃષ્ટિએ વ્યવસ્થાપનની અનેક નીતિઓ તેમના ગ્રંથ ચાણક્યનીતિમાં શ્લોકે શ્લોકે દૃષ્ટિગોચર થાય છે તેમાંથી કેટલીક નીતિઓ અહીં પ્રસ્તુત કરી છે જેમાં ઉત્તમવ્યવસ્થાપન (મેનેજમેન્ટ) રજૂ કરેલ છે.

ચાણક્યનીતિમાં સામાજિક પરિપ્રેક્ષ્યમાં વ્યવસ્થાપન

धर्मे तत्परता मुखे मधुरता दाने समुत्साहता

मित्रे अवञ्चकता गुरौ विनयता चित्ते अतिगम्भीरता ।

आचारे शुचिता गुणे रसिकता शास्त्रेषु विज्ञानता

रूपे सुन्दरता शिवे भजनता सत्स्वेवसंदृश्यते ॥

સમાજમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા અને સામાજિક પરિપ્રેક્ષ્યમાં ઉત્તમવ્યવસ્થાપન કરવા કેવા ગુણો – લક્ષણોવાળા વ્યક્તિઓની આવશ્યકતા છે તેપ્રસ્તુત શ્લોકમાં દૃષ્ટિગોચર થાય છે. આચાર્ય ચાણક્ય અહીં સજ્જનપુરુષ – ઉત્તમસંચાલક કોને કહેવાય તેનાં લક્ષણો બતાવે છે.

નિરંતર ધર્મમાં રચ્યાપચ્યા રહેવું, મુખથી મીઠી વાણી બોલવી, દાન આપવા હંમેશાં ઉત્સુક રહેવું, મિત્ર પ્રત્યે ભેદભાવ ન રાખવો, ગુરુ પ્રત્યે નમ્રતા અને હૃદયમાં ગંભીરતા રાખવી, આચરણથી પવિત્ર રહેવું, ઉત્તમ ગુણોને ગ્રહણ કરવાની વૃત્તિ રાખવી, શાસ્ત્રોનું જ્ઞાન મેળવવું, રૂપમાં સુંદર સૌજન્યસભર ચહેરો અને પ્રભુ પ્રત્યે ભક્તિભાવ અને શ્રદ્ધા જેવા સદ્ગુણો સજ્જનપુરુષ - ઉત્તમ સંચાલકમાં જ જોવા મળે છે.

ઉત્તમ સંચાલક હંમેશા પોતાના કાર્યમાં રચ્યોપચ્યોજ રહે છે, તે હંમેશા પોતાની મધુર વાણીથી જ આદેશ આપી કાર્યો સંપન્ન કરાવે છે, રોકાણ કરવા જેવી પ્રવૃત્તિઓમાં તે હંમેશા ઉત્સુક રહે છે, તે પોતાના કર્મચારીઓ વચ્ચે ક્યારેય ભેદભાવ રાખતો નથી, ઉત્તમ સંચાલક જ્ઞાન અને વયમાં વયોવૃદ્ધવ્યક્તિઓ પાસેથી અવારનવાર માર્ગદર્શન મેળવે છે અને તેમનો આદર કરે છે, તે જે કંઈ પ્રદાન કરે છે તે હંમેશા ઉત્તમ કક્ષાનું જ હોય તેનો આગ્રહ રાખે છે, ઉત્તમ કર્મચારીઓને આવકારે છે, સમયે સમયે કર્મચારીઓ ની કદર પણ કરે છે, નિતનવું સંશોધન કરે છે, મુખ ઉપર હળવુંસ્મિત રાખે છે અને કુટુંબ, સંસ્થા તેમજ સમાજ પ્રત્યે ભક્તિભાવ સાથે જ વ્યવહાર કરે છે.

ચાણક્યનીતિમાં રાજનૈતિક પરિપ્રેક્ષ્યમાં વ્યવસ્થાપન

आन्वीक्षकी त्रयी वार्ता दण्डनीतिश्चेति विधाः॥

આન્વિક્ષકી, ત્રયી, વાર્તા અને દંડ- એ ચારવિદ્યાઓછે.

આન્વિક્ષકી : અર્થાત્ આત્મજ્ઞાન,દર્શનશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર.

ત્રયી. : ત્રણ વેદ, (ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ)

વાર્તા : ખેતી, પશુપાલન, વેપાર.

દંડનીતિ. : શાસનપ્રણાલી, સત્તાની સચોટતા, સત્તા દ્વારા બધાને અંકુશમાં રાખવાની નીતિ.

આચાર્ય ચાણક્યનું માનવું છે કે ઉત્તમ રાજનીતિ માટે ઉપરોકત ચાર વિદ્યાઓ પર જેતે રાજાની પકડ હોવી જોઈએ અર્થાત્ એમ કહી શકાય કે આચાર વિદ્યાઓ જ રાજનૈતિક વ્યવસ્થાપનનો મૂળ પાયો છે.

તમે જે ક્ષેત્રમાં છો એ ક્ષેત્ર સાથે સંકળાયેલી ઝીણામાં ઝીણી બાબતનું તમને જ્ઞાન હોવુંજોઈએ. જે વ્યક્તિ ક્ષમતા કેળવ્યા વગર જ જવાબદારી ઉઠાવે છે એ હાસ્યાસ્પદ બની જાય છે. માટે જ આપ જ્યાં છો, જે ક્ષેત્રમાં છો, જે હોદ્દા કે પદ પર છો એને સંલગ્ન સંપૂર્ણ શૈક્ષણિક તેમજ અન્ય લાયકાત કેળવો તો જ તમે એમાં સફળ થઈ શકશો.

પ્રાચીન તેમજ અર્વાચીન કોઈપણ સમયની રાજનૈતિક બાબતમાં જે નેતૃત્વ સ્વીકારે છે અથવા તો પ્રજા જે નેતાને ચૂંટે છે તેનામાં દરેક ક્ષેત્રનું જ્ઞાન હોવું અનિવાર્ય છે. રાજનૈતિક સંબધી દરેક ક્ષેત્રનું તેનામાં જ્ઞાન હશે તો જ તે ઉત્તમ રાજનીતિ કરી શકશે. ત્રણ વેદોનું જ્ઞાન પણ સર્વાંગી વહીવટ તરફનું દિશાસૂચન કરે છે. વેદોએ અખૂટ જ્ઞાન નાભંડાર છે. ખેતી, પશુપાલન અને વેપાર સંબંધી નીતિઓ- નું પણ જે તે નેતાને જ્ઞાન હોવું અનિવાર્ય છે. ઉપરાંત નેતૃત્વ કરનાર જેતે વ્યક્તિ પાસે અસરકારક સત્તા એટલે કે દંડ નીતિનું સુવ્યવસ્થિત જ્ઞાન હોય. ટૂંકમાં કોઈ પણ વ્યક્તિ ભલે ગમે તે ક્ષેત્ર સાથે સંકળાયેલી હોય પણ તે ક્ષેત્રનું તેની પાસે સંપૂર્ણ જ્ઞાન હોવું જરૂરી જ નહીં પણ અત્યંત આવશ્યક છે.

ચાણક્યનીતિમાં અધ્યાત્મિક પરિપ્રેક્ષ્યમાં વ્યવસ્થાપન

विद्या विनय हेतुरिन्द्रियजयः,

काम क्रोध लोभ मान मद हर्षत्यागात्कार्यः ।

कर्ण-त्वगक्षि-जिह्वा-घ्राणेन्द्रियाणां,

शब्द-स्पर्श-रूप-रस-गन्धेष्वविप्रत्तिपत्तिरिन्द्रियजयः ||

જે પોતાની ઈન્દ્રિયોને જીતી શકે છે એ બધુંજ જીતી શકે છે. આ કાર્ય અઘરું છે પણ અશક્ય તો નથી જ. જગતના કોઈ પણ ક્ષેત્રમાં સફળતા મેળવવાના સરખા જ ઉપાય છે. સંયમ, વિવેક, સમજણ, શ્રમ....... આ બધું તો જ પ્રાપ્ત

થાય જો તમારો પોતાના પર અંકુશ હોય. સૌથી પહેલાં તમે માત્ર તમને જ જીતો. જગત તો આપોઆપ જીતાઈ જશે. અને આ બધું ત્યારેજ થઈ શકે જ્યારે તમારી સંપૂર્ણ દૃષ્ટિ અધ્યાત્મિક પરિપ્રેક્ષ્યતરફ ઢળેલી હશે.

વિદ્યા અને વિનય મેળવવા માટે ઇન્દ્રિયો પર વિજય મેળવવો જોઈએ. ઇન્દ્રિયો પર વિજય મેળવવા માટે કામ, ક્રોધ, લોભ, અહંકાર, મદ અને હર્ષમાંથી મુક્તિ મેળવવી પડે. એ માટે મનુષ્યે કાન, ત્વચા, નેત્ર, જીભ, અને નાક જેવી પોતાની પાંચ ઈન્દ્રિયો પર કાબૂ મેળવી તેમના થકી પેદા થતાં વિકારો જેવા કે શ્રવણ, સ્પર્શ, દર્શન, સ્વાદ તેમજ ગંધ પર વિજય મેળવવો. આટલું કરી શકે તે જ જીતેન્દ્રિય.

આચાર્ય ચાણક્યના મતે જે જીતેન્દ્રિય છે એ જ વિદ્યા અને વિનયનો હકદાર છે, કારણ કે એણે પોતાની ઈન્દ્રિયોને વશમાં રાખી હોય છે. ઈન્દ્રિયોને વશમાં રાખતાં પહેલાં કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, મદ, હર્ષમાંથી મુક્તિ મેળવવી પડે, કારણ કે આ બધાં એવા અપલક્ષણો છે જે વ્યક્તિને ગુલામ બનાવી દે છે. એકવાર આવાં અપલક્ષ્યોનો ગુલામ બની ગયેલ વ્યકિત શાંતિથી દૂર થતી જાય છે. એની એકાગ્રતાનો છેદ ઊડી જાય છે. આપણે ત્યાં પૌરાણિક કાળમાં વિવિધ તપસ્વીઓના તપોભંગ માટે જે ઉપાયો કરવામાં આવતાં હતાં તેનાં મૂળમાં એમની એકાગ્રતા ભંગ કરવાનો આશય જ મુખ્ય હતો. એકવાર એકાગ્રતા ભંગ થયા પછી વ્યક્તિનું ચિત્ત ડહોળાઈ જાય છે, એની આંખ સામેથી એનું લક્ષ્ય દૂર થઈ જાય છે અને ક્ષણિક પ્રલોભન તેનું ધ્યેય બની જાય છે. ટૂંકમાં, વ્યકિત પોતાના મૂળમાર્ગેથી ફંટાઈ જાય છે. પરિણામે તે ભટકી જાય છે. વિદ્યાનું પણ એવું જ છે.વિનયપૂર્ણ વિદ્યા પ્રાપ્ત કરવી ખૂબ અઘરી છે. વિદ્યા અને વિનય મેળવવા માટે વ્યક્તિએ પોતાની ઈન્દ્રિયોને કાબૂમાં રાખવી જોઈએ અને એ થશે જેતે વ્યક્તિની આધ્યાત્મિકતાને કારણે.

ચાણક્યનીતિમાં શૈક્ષણિક પરિપ્રેક્ષ્યમાં વ્યવસ્થાપન

सुखार्थी वा त्यजेद्विद्यां विद्यार्थी वा त्यजेत् सुखम्।

सुखार्थिनःकुतो विद्या विद्यार्थिनः कुतो सुखम् ||

અર્થાત્........ મોજશોખ માણવા હોય તો અભ્યાસ છોડી દો અને વિદ્યા પ્રાપ્ત કરવી હોય તો

એશઆરામનો ત્યાગ કરવો જોઈએ. કારણ કે મોજશોખની ઈચ્છા હોય તેને ક્યારેય વિદ્યાપ્રાપ્ત થતી નથી અને વિદ્યા પ્રાપ્ત કરવા ઈચ્છતા હોય તેને ક્યારેય આરામ મળતો નથી. વિદ્યાપ્રાપ્ત કરવા માટે મહેનત કરવી પડે છે અને મહેનત કરનારને આરામ કેવો? જે સુખ -આરામ ઈચ્છે છે તેણે વિદ્યા પ્રાપ્ત કરવાની ઈચ્છા છોડી દેવી જોઈએ. સુખેથી અને આરામથી રહેનારને વિદ્યા મળતી નથી. વિદ્યા મેળવવા માટે પુરુષાર્થ કરવો પડે છે એટલે જેને સરસ્વતીના ઉપાસક થવું હોય તેણે સુખ -આરામનો ત્યાગ કરવો જોઈએ."ચોટી બાંધીને બેસે એને જ વિદ્યાચડે."

તમારે માત્ર આરામ જ કરવો હોય તો વિદ્યા છોડી દો અને જો તમારે જ્ઞાનમાં અગ્રેસર બની શ્રેષ્ઠ બનવું છે તો આરામ છોડી દો. શૈક્ષણિક પરિપ્રેક્ષ્યમાં આચાર્ય ચાણક્યનો એ સ્પષ્ટ આગ્રહ છે.કારણ કે આરામ કરતો હોય તેને ક્યારેય વિદ્યામાં બરકત નથી મળતી અને વિદ્યા પ્રાપ્ત કરવાવાળાને ક્યારેય આરામ નથી મળતો. આરામ અને સફળતા એક સિક્કાની બે બાજુ જેવા છે. બંને બાજુઓને એકસાથે નથી જોઈ શકાતી. એક બાજુ ઉઘાડો એટલે બીજી બાજુ આપોઆપ ઢંકાઈ જાય છે. નક્કી કરો, તમારે કંઈ બાજુ પર જીત મેળવવી છે. હા, સફળતાની ટોચે પહોંચ્યા પછી સિક્કાનીએ બંનેબાજુઓને તમે પોતાની મરજી મુજબ રમાડી શકો છો. પરમ શાંતિની એ પળ સુધી પહોંચવા માટે તમારે અનેક અશાંતિઓનો સામનો કરવોજ રહ્યો. "આરામ હરામ હૈ" સૂત્ર યાદ રાખો.

ચાણક્યનીતિમાં નૈતિકતાના પરિપ્રેક્ષ્યમાં વ્યવસ્થાપન

आत्मवर्गं परित्यज्यपरवर्गं समाश्रयेत् ।

स्वयमेवलयंयातियथाराजाअन्यधर्मतः॥

જેમ સ્વધર્મનો ત્યાગ કરી બીજા ધર્મનો આશ્રય લેનાર રાજા નાશ પામે છે, તેમ પોતાના સમુદાયને છોડી બીજા સમુદાયનો આશરો લેનાર મનુષ્ય નષ્ટ પામે છે.

ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને કહ્યું છે કે, ગમે તેવો હોય તો પણ પોતાનો ધર્મ જ શ્રેષ્ઠ છે. માણસે પોતાના ધર્મના આશ્રયે જ રહેવું જોઈએ. બીજા ધર્મનો આશ્રય લઈ પોતાના ધર્મનો ત્યાગ કરવો દ્રોહ કર્યા સમાન છે. અહીં ધર્મ એટલે કર્તવ્ય. પોતાનું કાર્ય ઉત્તમ રીતે પાર પાડવા પોતાના સમુદાય સાથે દ્રોહ કરીને બીજા સમુદાય

સાથે ભળે તે વ્યકિત પણ નાશ પામે છે. પોતાના સમુદાયના લોકો સાથે રહેવાથી વ્યક્તિના મૂળિયાં સચવાઈ રહે છે, જ્યારે બીજા સમુદાયના લોકો વચ્ચે રહેવાથી મનુષ્યનું સંસ્કારભાથું નાશ પામે છે. આ વાત ગામ છોડી શહેરમાં વસવાટ કરનારાઓને અને દેશ છોડી વિદેશમાં વસનારાઓને પણ આબાદ રીતે લાગુ પડે છે.

પોતાના વ્યવસાયને પ્રેમ કરો. પોતાનો વ્યવસાય જ સર્વશ્રેષ્ઠ છે એવું માનો. વધુ લાભ થશે એવી લાલચમાં અન્ય પ્રલોભનોમાં પડવું યોગ્ય નથી અને પોતાનું જે કર્તવ્ય છે એને છોડવું અયોગ્ય છે. તમે જે કાર્ય સાથે જોડાયેલા છો એ કાર્યના તમે જ્ઞાતા છો, માહિતગાર છો...એ કાર્યની નાનામાં નાની વાત કે માહિતીથી તમે વાકેફ હશો. પરિણામે તમને વ્યવહાર કરવામાં સરળતા રહેશે. પારકા વ્યવસાયથી કે કોઈપણ કાર્યથી તમે અજાણ હશો એના ગણિતથી તમે પરિચિત નથી. પરિણામે તમે ત્યાં તમારું સમર્થપણું બતાવી શકશો નહીં. અન્ય વ્યવસાય કે કાર્યને ધ્યાનમાં રાખી તમે ત્યાંના સ્થાનિક લોકો સમક્ષ પોતાની અણઆવડત અને અજ્ઞાનને કારણે હાંસીને પાત્ર બનશો તમારો ગેરલાભ થવાની પણ શક્યતા રહેલી છે. જ્યાં સુધી સત્ય બહાર આવે ત્યાં સુધી તમે છેતરાઈ ચૂક્યા હશો. પછી 'ધોબીનો કુતરો ન ઘરનો કે ઘાટનો' કહેવત જેવી સ્થિતિ સર્જાશે. ખેતી હંમેશા પોતાના ખેતરમાં જ કરો. કારણ કે એની રજ રજથી તમે માહિતગાર છો.બીજાનું ખેતર કેવું છે, એની ફળદ્રુપતા કેવી છે, એમાં કયા પ્રકારનો પાક સારો પાકે છે, એનાથી તમે અજાણ છો. એમાં ખેતી કરવા જશો તો મહેનત અને મૂડી બંને ખોવાનો વારો આવશે, એટલે પોતાની જે નૈતિક ફરજ છે તેમજ જે ક્ષેત્ર વિશે આપણને સંપૂર્ણ જ્ઞાન હોય ત્યાં જ પોતાની સમર્થતા બતાવવી જોઈએ.

ચાણક્યનીતિમાં ધાર્મિકતાના પરિપ્રેક્ષ્યમાં વ્યવસ્થાપન

यद्वरंयदुराराध्यंयञ्च दूरेव्यवस्थितम् ।

तत्सर्वंतपसासाध्यंतपोहि दुरतिक्रमम् ॥

'જે વસ્તુ ખૂબ દૂર છે, જેને મેળવવા આકરી તપસ્યા કરવી પડે છે અને જેનું અસ્તિત્વ છે, પણ ત્યાં પહોંચવા માટે ખૂબ મહેનત કરવી પડતી હોય છે એ તમામ વસ્તુને આકરા તપ દ્વારા મેળવી શકાય છે.'

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 03, Issue: 06, December 2025

ઘણી વાર કોઈક વસ્તુને જોઈને આપણને થાય છે કે આ કરવું મારા માટે શક્ય નથી. તેને જોઈને લાગે છે કે તેને મેળવવી અઘરી નથી પણ અશક્ય જ છે. જો તમે એવું માનતા હોતો તમે ખોટું વિચારો છો. ચાણકય કહે છે કે જેનું ખરેખર અસ્તિત્વ છે, તેવી એકેય વસ્તુ એવી નથી કે તેને ન મેળવી શકાય. તેની પૂર્વ શરત માત્ર એટલી જ છે કે વ્યકિત અથાગ પરિશ્રમ અને આકરા તપ દ્વારા જ તેને મેળવી શકે છે. તેને લાયક બની શકે છે. ધાર્મિકતા આંતરિક શક્તિ છે. આપણાં હજારો વર્ષ જૂના ધાર્મિક ગ્રંથો આપણને અંદરની શક્તિને જગાડવાની પ્રેરણા પૂરી પાડે છે. અને એના દ્વારા આપણે અશક્યને પણ શક્ય કરવા પ્રયત્નશીલ બનીએ છીએ. કોઈક વ્યક્તિએ કંઇક અઘરું કાર્ય કરવાનું વિચાર્યું હોય, ત્યાં પહોંચવાના રસ્તાજે તે વ્યકિત શોધી રહ્યાં હોય, પણ શું એ રસ્તે આવનારી અગવડોને પહોચી વળવાની આપની તૈયારી છે? આપ આપનું સર્વસ્વ દાવપર લગાવવા તૈયાર છો? શું આપ મક્કમ છો? આપની નજરએ સિવાય બીજા કશાને જોતી નથી? આપ જે કંઈ કાર્ય કરો છો, સંબંધો વિકસાવો છો, સમજણ કેળવો છો, સંશોધન કરો છો, પરિશ્રમ કરો છો એ બધાના મૂળમાં તમારી ત્યાં સુધી પહોંચવાની તાલાવેલી છે? તો આપને એ મળી નેજ રહેશે. પછી ભલેને એ સ્વયં ઈશ્વર કે મન હોય!!!

ચાણક્યનીતિમાં મનોવૈજ્ઞાનિકતાના પરિપ્રેક્ષ્યમાં વ્યવસ્થાપન

आकारैरिंगितैर्गत्याचेष्टया भाषितेनवा |

नेत्रवक्त्रविकारैश्च लक्ष्यते अन्तर्गतं मनः ||

'ચતુર વ્યક્તિઓ ને બીજાઓની મુખમુદ્રા, શરીરના અંગોના હલનચલન- ચેષ્ટાઓ, તેમનાં ભાષણો – વાતો તથા તેમની આંખો અને ચહેરા પર આવેલાં પરિવર્તન જોઈને તેમની ભાવિ યોજનાઓ તથા ગુપ્ત મનોભાવો વિશે ખ્યાલ આવી જાય છે.'

આચાર્ય ચાણક્ય કહે છે કે ચતુર વ્યક્તિઓને બીજાઓના મુખ પરના હાવભાવ, શરીરનાં અંગોનાં હલનચલનની ચેષ્ટાઓ, તેમની આંખો અને ચહેરા પર આવેલાં પરિવર્તન જોઈને તેમની ભાવિ યોજનાઓ તથા ગુપ્ત મનોભાવો વિશે ખ્યાલ આવી જ જાય છે. એનાથી બચવું હોય તો રાજાએ પહેલાં તો પોતાનો મંત્રણા કક્ષ જ એવો બનાવવો જોઈએ જેમાં કોઈપણ વ્યક્તિની નજર કોઈપણ રીતે પહોંચી શકે એમ હોય જ નહીં. બને ત્યાં સુધી

તે બારી કે છિદ્ર વિહીન હોવો જોઈએ. કદાચ એમાં બારીઓ હોય તો તે કાચ અને સંપૂર્ણ પડદાઓથી સુરક્ષિત હોવી જોઈએ. જેથી કાચને ભેદીને અવાજ બહાર ન જાય અને પડદાને ભેદીને બહારની દૃષ્ટિ અંદર ન પહોંચે. આટલી વ્યવસ્થા પછી પણ મંત્રણામાં જોડાયેલી દરેક વ્યક્તિનો પોતાની ઇન્દ્રિયો પર કાબૂ હોય તે અપેક્ષિત છે. અનિવાર્ય સંજોગોમાં મંત્રણા કક્ષની બહાર કે ક્યાંક ખુલ્લામાં ગુપ્ત વાતચીત કરવાની આવે ત્યારે વાત કરનારાઓએ ઉપરની બાબતોની ગંભીરતા સમજવી જરૂરી જ નહીં, અનિવાર્ય છે. ચાલાક માત્ર તમે નથી. દરેક વ્યકિત ચાલાક હોઈ શકે છે જેને મૂર્ખ સમજવાની તમે ભૂલ કરો છો. કોઈને નજર અંદાજ ન કરો. બધાથી ચેતો. માણસની વાણીની જ નહીં, વર્તનની ગુપ્તતાની પણ અગત્યતા સમજો. ચહેરાના હાવભાવ અને ચેષ્ટાઓ કે વાણીનો આરોહ અવરોહ સુધ્ધા તમારી ગોપનીયતાનો છેદ ઉડાડી શકે છે. ઘણી વ્યક્તિઓ તમારી કલ્પના બહારની બુદ્ધિ ક્ષમતા ધરાવતી હોય છે. એમને પહોચી વળવા તમારામાં એમની કલ્પના બહારની સાવધાની હોવી જોઈએ.

ચાણક્યનીતિમાં સમયના પરિપ્રેક્ષ્યમાં વ્યવસ્થાપન (ટાઈમમેનેજમેન્ટ)

तत्रपूर्वेदिवसस्य अष्टभागेरक्षाविधानमायव्ययौच शृणुयात् । द्वितीयेपौरजानपदानांकार्याणिपश्येत् । तृतीये स्नानभोजनसेवेत, स्वाध्यायं च कुर्वीत । चतुर्थे हिरण्यप्रतिग्रहमध्यक्षांश्चकुर्वीत । पञ्चमे मन्त्रिपरिषदापत्रसंप्रेषणेनमन्त्रयेत्, चारगुह्यबोधनियानिच पश्येत्। अष्टमे सेनापतिसखोविक्रमंचिन्तयेत्। प्रतिष्ठिते अह्निसन्ध्यामुपासित ||

રાજાએ દિવસના આઠ ભાગમાં કરવાનાં કાર્યોને આ મુજબ વિભાજિત કરવાં (૧) દિવસના પ્રથમ ભાગમાં રક્ષા સંબંધીકાર્યો કરવાં તથા પાછળના દિવસની આવકજાવકનું નિરીક્ષણ કરવું.(૨) દિવસના બીજા ભાગમાં પુરવાસીઓ અને જનપદવાસીઓનાં કાર્યોનું નિરીક્ષણ કરવું.(૩) દિવસના ત્રીજા ભાગમાં સ્નાન- ભોજન- સ્વાધ્યાય કરવું. (૪) દિવસના ચોથાભાગમાં દિવસભરની આવકનું વિવરણ જોવું. જુદા જુદા વિભાગોમાં અધ્યક્ષો અને પ્રમુખોનાં કાર્યોની જાત-તપાસ કરવી જોઈએ. (૫) દિવસનાં પાંચમાં ભાગમાં મંત્રીપરિષદ સાથેચર્ચા- વિચારણા કરવી. શાશન વ્યવસ્થાના પત્રવ્યવહારનું કાર્યકરવું તથા ગુપ્તચરોની મુલાકાત લઈ તેમની ગતિવિધિ જાણી લેવી. (૬) દિવસનાં છઠ્ઠાભાગમાં સ્વેચ્છાથી ભ્રમણકરવું, નૌકાવિહાર તેમજ મનોરંજન કરવું. (૭) દિવસનાં સાતમાભાગમાં હાથી, ઘોડા,

શસ્ત્રભંડાર વગેરેનું નિરીક્ષણ કરવું (૮) દિવસનાંઆઠમા ભાગમાં સેનાપતિ સાથે યુદ્ધવિષયક ચર્ચા વિચારણા તેમજ દિવસના અંતે સંધ્યોપાસનાકરવી.

આચાર્ય ચાણકયેરાજાની દિનચર્યા અને રાત્રિ ચર્યા વિશે વિગતવાર લખ્યું છે. જે મુજબ રાજાની દિનચર્યા અર્થાદિ વસદરમિયાનનું રાજાનું સમયપત્રક કેવું હોય તે ઉપર દર્શાવ્યું છે. આ ઉપરાંત તેમણે રાજાના રાત્રિના સમયપત્રકનો પણ પોતાના અર્થશાસ્ત્ર તેમજ અર્થશાસ્ત્રમાં વિગતવાર ઉલ્લેખ કર્યો છે. સમયનું આયોજન કરો. તમારો સમય ખૂબ જ કીમતી છે. તમારી પ્રત્યેક ક્ષણ તમારી સફળતા માટે જ ખર્ચવી જોઈએ. યાદ રાખો..... તમારો આરામ પણ તમારા આયોજનનો જ એક હિસ્સો હોવો જોઈએ.

ચાણક્યનીતિમાં વ્યવહારિક પરિપ્રેક્ષ્યમાં વ્યવસ્થાપન

दुराचारी दुर्दृष्टिर्दुराऽन्तेवासी च दुर्जनः ।

यन्मैत्रीक्रियतेपुम्भिर्नरः शीघ्रविनश्यति ॥

‘દુરાચારી, ખરાબ નજરવાળા, દુષ્ટ, કોઈ પણ પ્રકારના કારણ વિના બીજાને હાનિ પહોંચાડતા અને દુર્જનો સાથે દોસ્તી રાખનાર શ્રેષ્ઠ પુરુષની કીર્તિ ઝડપથી નાશ પામે છે.’

તુલસીદાસજી ઉપરોકત સંદર્ભે કહે છે –

દુર્જનસંગન દેહિ વિધાતા,

ઇસસે ભલો નરક કા વાસા.

અર્થાત્, ‘હે વિધાતા, દુર્જનોની સોબતથી મને દૂર રાખજે. દુષ્ટ મનુષ્યોની સોબત કરતા તો નરકમાં વાસ કરવો સારો.’

તમે જેની સાથે હરોફરોછો તેવ્યક્તિના ચારિત્ર્યની અસર તમારા ચારિત્ર્ય ઉપર વહેલી મોડી થાય છે. દુર્જનોની સોબત નરક કરતાં પણ વધુ ખરાબ છે. દુર્જનો દુષ્ટ હોય છે. તેઓ પોતાના અંગત સ્વાર્થ માટે બીજાનું ખરાબ કરતાં હોય છે. તેમની સાથે હરવા ફરવાથી કોઈપણ વ્યક્તિનુંમાન-સન્માન સમાજમાં ઓછું થઈ જાય છે, તેની પ્રતિષ્ઠાને કલંક લાગે છે અને લાંબાગાળે તે વ્યકિત ક્યાંયની રહેતી નથી.

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 03, Issue: 06, December 2025

ક્યારેક એવુંપણ બની શકે કે આખી જિંદગી તનતોડ મહેનત કરવા છતાં પદ, પ્રતિષ્ઠા અને પૈસા અચાનક એકજ દુર્વ્યવહાર થકી ગુમાવવાનો વારો આવે. તેથી વ્યવહાર એવી વ્યકિત, સંસ્થા કે સ્થળ સાથે કરો જેની ચારે તરફ એક પ્રતિષ્ઠા હોય. એવી વ્યકિત, સંસ્થા કે સ્થળ વિષયક કોઈ નકારાત્મક છાપ હશેતો ચોક્કસ અનેક મુશ્કેલીઓનો ભોગ બનવું પડશે. અને તેથી તમારી વર્ષો જૂની પ્રતિષ્ઠા પર પાણી ફેરવાઈ જશે. વ્યક્તિનો સંબંધ વ્યકિત સાથે હોય છે અને સંસ્થાનો સંબંધ સંસ્થા સાથે. માટે જ કલંકિત વ્યકિત સાથે મિત્રતા ન રખાય અને વગોવાયેલી સંસ્થા સાથે વ્યવહાર ન કરાય.

ચાણક્યનીતિમાં સર્વગ્રાહી વ્યવસ્થાપન

कः कालःकानि मित्राणि को देशः कौ व्ययागमौ ।

कश्चाऽहं कामेशक्तिरितिचिन्त्यंमुहुर्मुहुः ॥

‘સમય અને સંજોગો કેવાછે? મિત્ર કેવા છે? સ્થળ કેવું છે? આવક-જાવક કેટલી છે? હું કોણ છું? મારું સામર્થ્ય કેટલું છે ? સમજદાર વ્યક્તિએ આ છ બાબતોનું વારંવાર મનન કરવું જોઈએ.’

જેની શરૂઆત સારી તે અડધો જંગ જીતી જાય છે.વ્યક્તિએ કોઈપણ કાર્ય શરૂ કરતાં પહેલાં છ બાબતોનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. વ્યક્તિએ દરેક કાર્યની શરૂઆત સમય અને સંજોગો જોઈને જ કરવી જોઈએ. કાર્ય સમયની માંગને અનુરૂપ છે કે નહિ? કેવા સંજોગોમાં કાર્યને કેટલી સફળતા મળશે? કાર્યમાં સાથ આપે તેવા સાચા સાથીદાર કેટલા છે? પોતાની આવક અને જાવક કેટલીછે? ‘આમદની અઠન્ની ઔર ખર્ચા રૂપૈયા' જેવી સ્થિતિ તો નથી ને? પોતે કેટલું ગજું ધરાવે છે, કોને કેટલી મદદ કરી છે તેનો વિચાર કરતાં પોતાના કાર્યમાં કેટલી મદદ મળે છે તેનો અંદાજ પણ આવી જાય છે. ઉપરાંત સૌથી મહત્વ પૂર્ણ વિચાર પોતાના સામર્થ્ય નોકરી લેવો જોઈએ. પોતે જે કાર્ય કરવા ધારે છે તે પારપાડવાની કાબેલિયત તો પોતાનામાં છે કે નહિ તેનું સાચું મૂલ્યાંકન કરી લેવું જોઈએ. જે વ્યક્તિ આ બધી બાબતોનો સાચી રીતે વિચાર કરે છે તેને ક્યારેય નિષ્ફળતાઓનો સામનો કરવો પડતો નથી.

**સંદર્ભ :-**

1.વ્યાખ્યાકાર વિશ્વામિત્રશર્મા, સંપાદન સંવર્ધન કાકાહરિઓમ, વેદાંત આચાર્ય, મનોજ પબ્લિકેશનદ્વારાસંપાદિત સંપૂર્ણચાણક્યનીતિગ્રંથ.

2.ચાણક્યમેન્ટ, મેનેજમેન્ટનું સર્વોચ્ચ શિખર, રજૂઆત ચંદ્રેશ મકવાણા, આર. આર. શેઠ ઍન્ડ કંપની. પ્રા. લિ. પુસ્તક, પ્રકાશક અને વિક્રેતા.

3.ભારતમાર્તંડ, મહામહિમોપાદ્યાય, ભારત-ભારતી રત્ન, બ્રહ્મર્ષિ અધ્યા. ડૉ. કેશવરામ કા. શાસ્ત્રી દ્વારા સંપાદિત ચાણક્યના નીતિસૂત્રો, જ્ઞાનમંદિરપ્રકાશન, અમદાવાદ.

4.કૌટિલીય અર્થશાસ્ત્ર,વાચસ્પતિ ગૈરોલા,ચૌખમ્બા વિદ્યાભવન,વારાણસી

5.ચાણક્યનીતિદર્પણ ડૉ.ગુંજેશ્વર ચૌધરી,ચૌખમ્બા સુરભારતી પ્રકાશન,વારાણસી

Certificate No.:03062025008


# MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH (MUCOJOR)-2583-9829 (On-line)

**International Peer Reviewed and Refereed Journal**


# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**ઠાકોર દેવેન્દ્રસિંહ કલ્યાણસિંહ**

In recognition of the publication of the paper entitled

**ચાણક્યનીતિમાં સર્વગ્રાહી વ્યવસ્થાપન (મેનેજમેન્ટ)**

Published in Volume 03, Issue 06, December 2025.

**EDITOR IN CHIEF**